# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં. ૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-mail: amrelideo@gmail.com

Website: www.deoamreli.com,


સત્યમેવ જયતે

---

પરિપત્ર નં :.....122.........

ક્રમાંક:માધ્ય/ખાલીજગ્યા/માધ્ય/૨૦૧૯/ ૨૪/૨-૧૬ તા.૨૪/૦૪/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી/આચાર્યાશ્રી,

આ જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ તરફ...

જિ.અમરેલી

વિષય : બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તા.૦૧/૦૬/૨૦૧૯ ની સ્થિતિએ શાળાવાર/વિષયવાર રોસ્ટર ક્રમાંકની સાથે શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાની માહિતી આપવા બાબત

સંદર્ભ : કમિશનરશ્રી શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૯/૧૦૭૪૭-૭૮૦, તા.૨૪/૦૪/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભિત પત્રથી માંગવામાં આવેલ બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તા.૦૧/૦૬/૨૦૧૯ ની સ્થિતિએ શાળાવાર/વિષયવાર રોસ્ટર ક્રમાંકની સાથે શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાની માહિતી નિયત પત્રકમાં અને સંદર્ભ પત્રની સુચના મુજબ અત્રેની કચેરીને તા.૨૫/૦૪/૨૦૧૯ નાં રોજ બપોરના ૧:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂમાં હાર્ડકોપી તેમજ સોફ્ટકોપી માં "TIMES NEW ROMAN" ફોન્ટમાં અંગ્રેજી ભાષામાં મળી રહે તે રીતે પહોચતી કરવા આથી જણાવવામાં આવે છે.ઉપરોક્ત માહિતી સમય મર્યાદા બાદ અત્રેની કચેરીને મળશે તો માહિતી ધ્યાને લેવામાં નહી આવે અને આ અંગે ભવિષ્યમાં જો કોઈ જગ્યાને લઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો અંગેની તમામ જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રી ની રહેશે.જેની નોંધ લેશો.

- આ અગાઉ ભૂતકાળના સમયમાં માધ્યમિક વિભાગમાં ખાલી જગ્યા દર્શાવેલ હોય અને તેની માહિતી કચેરીને આપેલ હોય તો તે માહિતી કચેરીની માધ્યમિક શાખામાં બિનચુક વેરિફાઇ કરાવી લેવાની રહેશે.
- ઉપરોક્ત ખાલી જગ્યાની માહિતી આપતી વખતે સંદર્ભપત્રની તમામ સુચાનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે ઉપરાંત સરકારશ્રી નાં શિક્ષણ વિભાગનાં વખતો-વખત નાં ઠરાવો/નિયમો/સુચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.
- ઉપરોક્ત ખાલી જગ્યાની માહિતીમાં શાળામાં માન્ય વર્ગો/વિદ્યાર્થીઓની સંખ્યા/આચાર્ય-ઇન્ચાર્જ આચાર્યની જગ્યા/મંજુર મહેકમ/ભરાયેલ મહેકમ/જો કોઈ શિક્ષક ફાજલ થઈ બીજી કોઇ શાળામાં કામ કરતા હોય તો તે વગેરે બાબતોને ધ્યાને લઈ ને જ ખાલી જગ્યાની માહિતી આચાર્યશ્રી એ સુનિશ્ચિત કરી નિયત પત્રકમાં સમય મર્યાદામાં અત્રેની કચેરીની માધ્યમિક શાખામાં રૂબરૂમાં જમા કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

**બિડાણ :**

- સંદર્ભ પત્રની નકલ
- નિયત પત્રક

**નકલ રવાના :**

અત્રેની કચેરીના ઈઆઈ/એઈઆઈશ્રી.....................................

૨/આપના તાબામાં આવતી SVS ની શાળાઓને જાણ કરવા સારૂં અને તા.૨૫/૦૪/૨૦૧૯ નાં રોજ માહિતીની ચકાસણી કરવા સારૂં

Scanned by CamScanner

ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૯/૧૦૭૪૭-૭૮૦

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૭/ ૦૪ /૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શાળાવાર/વિષયવાર શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની માહિતી મોકલવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ તા.૦૨/૦૭/૯૯
(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી તા.૧૧/૦૨/૧૧
(૩) આ કચેરીના પત્ર ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૮/૧૬૪૬૬-૯૯ તા.૦૯/૦૮/૧૮

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શાળાવાર/વિષયવાર શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની માહિતી તા.૦૧/૦૬/૨૦૧૯ની સ્થિતિએ રોસ્ટર ક્રમાંકની વિગતો સાથે નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ તા.૨૬/૦૪/૧૯ના રોજ ૧૧.૦૦ કલાકે રૂબરૂમાં મોકલવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

૧. નિયમિત ભરતી પ્રક્રિયામાં કોઇ પ્રશ્ન ઊભો ન થાય તે હેતુથી આ અગાઉની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ભરતી માટે અરજદારશ્રી દ્વારા કોર્ટ મેટર કરવામાં આવેલ છે તેવી શાળાઓની ખાલી જગ્યાની માહિતી અલગથી આપવાની રહેશે.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ/રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જે વિષયની ટાટની પરીક્ષા લીધેલ હોય અને વિષય તરીકે માન્યતા આપેલ હોય તે વિષયના શિક્ષણ સહાયકોની ભરતી માટે આપના જિલ્લાની શાળાઓની ખાલી જગ્યાની માહિતી આપવાની રહેશે. ટાટની પરીક્ષા લેવાયેલ નથી તે વિષયની ખાલી જગ્યાઓનો સમાવેશ કરવો નહી.

૩. સંદર્ભદર્શિત-૩માં જણાવેલ આ કચેરીના તા.૦૯/૦૮/૧૮ના પત્રથી માગેલ પત્રકોમાં વિષયવાર અલગ અલગ પત્રકોમાં શાળાવાર ખાલી જગ્યાની માત્ર શિક્ષણ સહાયકોની માહિતી આપવાની રહે. આ માહિતી એક્સેલ શીટમાં અંગ્રેજીમાં "TIMES NEW ROMAN" ફોન્ટમાં અંગ્રેજી ભાષામાં જ તમામ માહિતી આપવી.

૪. મહિલા અનામતની જગ્યા હોય ત્યાં સ્પષ્ટ રીતે મહિલા અનામત દર્શાવવું. તે જ રીતે શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે રાખવામાં આવેલ અનામત જગ્યા કયા પ્રકારની ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવાની થાય છે તેની સ્પષ્ટતા રિમાર્કસ કોલમમાં દર્શાવવી.

૫. ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ, ઉર્દૂ માધ્યમ, હિન્દી માધ્યમ તથા સ્પેશીયલ શાળા કે જે અનુદાનિત શાળાઓ છે જેની ભરતી પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે કાર્યવાહી કરવામાં સમાવેશ થાય છે. તે શાળાઓની જ માહિતી મોકલવાની રહેશે. (માધ્યમ વાઈઝ અલગ વિગતો રજુ કરવાની રહેશે.)

Scanned by CamScanner

Scanned by CamScanner

૬. આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયામાં સમાવેશ થાય છે તેવી તમામ શાળાઓની વિગતો પૂરતી ચકાસણી કરી આપવાની રહેશે. કોઈ શાળાની ખાલી જગ્યા રહી જવા ન પામે તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

૭. અગાઉ વર્ષ-૨૦૧૬ની ભરતી પ્રક્રિયામાં સમાવેશ થયેલ પૈકીની ખાલી જગ્યાઓ સામે રિમાર્ક્સ કોલમમાં રિમાર્ક્સ દર્શાવવા.

ઉપરોક્ત માહિતી ટોચઅગ્રતા આપીને નિયત થયેલ સમયમર્યાદામાં મોકલવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. માહિતી મોકલવા અંગે કોઈ સ્પષ્ટતાની જરૂર જણાય તો આ કચેરીની માધ્યમિક શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

Scanned by CamScanner

## DISTRICT EDUCATION OFFICE AMRELI

### PATRAK-A

**NAME OF DISTRICT : AMRELI** — **DETAILS OF VACANT POST IN GIA SECOND ARV SCHOOL AS ON DATE 01/06/2019**

**NAME OF SUBGECT : ………………..** — **MEDIUM:- GUJARATI**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SR NO | U-DISE CODE | DISTRICT NAME | SCHOOL NAME | VILLEGE NAME | BLOCK NAME | STREM | SCHOOL CATEGORY | SUBECT OF VACANT POST | VACANT POST CATEGORY WITH ROSTER POINT NO | MEDUM OF VACANT SUBECT | FEMALE RESERVED | TOTAL NUMBER OF CLASS STD-9 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9 | TOTAL NUMBER OF CLASS STD-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-10 | REASON FOR VACANT POST | DATE OF VACANT POST | REMARKS |
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |

૧. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરોક્ત કોલમ ૧ થી ૧૯ માં જે માહિતી આપવામાં આવેલ છે તેની શાળાના રેકર્ડ પરથી ખરાઈ કરવામાં આવેલ છે અને સરકારશ્રી નાં શિક્ષણ વિભાગનાં વખતો-વખત નાં ઠરાવો/નિયમો/સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.

૨. અત્રેની શાળામાંથી કોઈ શિક્ષક ફાજલ થઈ બહાર બીજી કોઈ શાળામાં ફરજ બજાવતા નથી કે કોઈ શિક્ષકને રોકોલ કરવાના બાકી નથી.જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્ય
સહી/સિક્કો

Scanned by CamScanner

**પત્રક-સી** | **જિલ્લાનું નામ : અમરેલી**

**બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયામાં ખાલી જગ્યા અંગે થયેલ કોર્ટ કેસની વિગતો**

| ક્રમ | શાળાનું નામ અને સરનામુ | વિભાગ | ખાલી જગ્યાનો વિષય | માધ્યમ | કોર્ટના વચગાળાના/ અંતિમ આદેશની વિગત | કોર્ટ કેસની ટૂંકી વિગત | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

આચાર્ય
સહી/સિક્કો

Scanned by CamScanner